આજ મારે આંગણે પધાર્યા અંબે માં

નવરાત્રીના આરંભે ગાંધીનગર પાસે આવેલા સાદરા, ગામમાં જક્ષણી માતાના પ્રખ્યાત મંદિરમાં માતાજીનો સુંદર રીતે શણગાર કરવામાં આવ્યો હતો.

નવરાત્રીના આરંભે ગાંધીનગર પાસે આવેલ અમરાપુરમાં આવેલ નાગણેશ્વરી માતાજીને સુંદર શણગારવામાં આવ્યા હતા.

નવરાત્રી મહોત્સવ સમિતિ સેકટર-૩ ન્યુ ગાંધીનગર દ્વારા ૧૦માં નવરાત્રી મહોત્સવના પ્રથમ દિવસે માતાજીનું સ્થાપન મુખ્ય યજમાન શરદભાઈ તથા ગીતાબેન પટેલ (સાડીવાળા) સજોડે, સરકારની ગાઈડલાઈન પ્રમાણે કર્યું હતું.

''ગાંધીનગર કલ્ચરલ ફોરમ'' દ્વારા માતાજીનું સ્થાપના કરવામાં આવી...

સેકટર-૨૭ ભાજપના અગ્રણી ઉમેશભાઈ જહાના ત્યાં ઘટ સ્થાપન...

બીબીએ કોલેજ NSS યુનિટના સ્વયંસેવકો દ્વારા કોવિડ-૧૯ મહામારી સામેની જંગ માટે પ્રતિજ્ઞા લેવાઈ

ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેકટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયંસેવકો માટે કોવિડ મહામારી થી પોતે અને સમાજ ને કઈ રીતે બચાવવા તે બાબતે ભારત સરકાર અને માનનીય પ્રધાનમંત્રીના નિર્દેશ અનુસાર પ્રતિજ્ઞા લેવડાવવા માં આવી હતી કાર્યક્રમ માં કુલ ૧૫૦ વોલીયંટર્સ ઉપસ્થિત રહ્યા હતા.કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને ઉપરોક્ત ત્રાસદી સામે લડત આપવા ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ કોલેજના ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ વિદ્યાર્થીઓને આજના વિષયની

માહિતી આપી વિષય પર રસપ્રદ ભૂમિકા બાંધી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. અને જરૂરી સંકલન કર્યું હતું. ત્યારબાદ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને આગામી કાર્યક્રમો ની રૂપરેખા આપી હતી તેમજ પ્રતિજ્ઞાનું વાંચન કરી વિદ્યાર્થીઓ ને શપથ લેવડાવી હતી.

વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જણાતો હતો અને તેઓ દ્વારા ઉપરોક્ત પ્રતિજ્ઞા નું સંપૂર્ણ પાલન પોતે કરશે તેમજ સમાજમાં જઈ લોકોને પણ આ બાબતે પ્રેરિત કરશે. તેમજ આગામી દિવસો માં અન્ય નવા કાર્યોમાં પણ તત્પરતાથી જોડાશે તેમ જણાવ્યુ હતું. સમગ્ર શપથગ્રહણ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ પણ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ બાબત યુનિવર્સિટી NSS વિભાગ ના હેડ રણછોડભાઈ રથવી નો સહકાર સાંપડ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

જુલાઈ-૨૦૨૦માં જાહેર થયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦થી જિલ્લાના શિક્ષકો તેમજ અધ્યાપકો પરિચિત થાય તે માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા નવતર આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના શિક્ષકો માટે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર શિક્ષક સક્ષ્મતા, શિક્ષણમાં સમાવેશન, શિક્ષક-પ્રશિક્ષણ, શાળાકીય પરિવર્તનો, હકારાત્મક બાબતો, ૨૧મી સદીમાં નીતિની યથાર્થતા જેવા ૬ વિભાગો પર નિબંધ લેખન કરી તાલીમ ભવનના બ્લોગ પર ૧૦ ઓક્ટો. સુધી ઓનલાઈન મોકલવાના હતા. શિક્ષકો માટેની નિબંધ લેખન સ્પર્ધામાં જિલ્લામાંથી કુલ ૧૦૭ એન્ટ્રી મળી હતી. આવેલ નિબંધોમાંથી દરેક વિભાગમાંથી

પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો હતો. પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ શિક્ષકો ગૌરવ જોષી, ઈલાક્ષીબેન પટેલ (કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર), તેજલબેન વ્યાસ,નિલેશકુમાર પ્રજાપતિ, હસમુખભાઈ પટેલ તેમજ નિતીનકુમાર ચૌધરીને પ્રોત્સાહનરૂપે પ્રમાણપત્ર તેમજ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પુસ્તિકા આપવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ.હરેશભાઈ ચૌધરી (યુનિસેફ), પ્રકાશભાઈ સોની તઈનિવૃત્ત, જી.સી.ઈ.આર.ટી.), ડૉ.મીનલબા જાડેજા (ચિલ્ડ્રન યુનિ. એ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તાલીમ ભવનના પ્રિન્સીપાલ આઈ.વી.પટેલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજનો નીટ-૨૦૨૦ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૭

૧૬ ઓક્ટોબરે જાહેર થયેલ નીટ-૨૦૨૦ના પરિણામમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ઘ-૦યુનિટના ૮૦માંથી ૬૦ વિદ્યાર્થીઓ કવોલીફાઈડ થયા હતા. શાળામાં પ્રથમ આવનાર રૂત્વી મહેશકુમાર સરવૈયાએ ૭૨૦ માંથી ૬૦૦ ગુણ પ્રાપ્ત કરીને શાળાને ગૌરવ અપાવ્યુ હતુ. રૂત્વી એફ.એમ.સીમાં અભ્યાસ કરવાની ઈચ્છા સાથે કારકિર્દી માં આગળ વધવા માંગે છે. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓમાં પટેલ વેદાંત (૫૯૫/૭૨૦),પટેલ વેદ (૫૯૧/૭૨૦), દવે રિયા (૫૮૬/૭૨૦) ,લાડલા નેહા (૫૫૩/૭૨૦) નો પણ સમાવેશ થાય છે. શાળાના સંચાલક ડૉ. પ્રદીપગાગલાની, શાળાના આચાર્યા જ્યોતિ ભાવસાર અને શાળા પરિવારના શિક્ષકોએ રૂત્વી અને કવોલીફાઈડ થયેલ તમામ વિધાર્થીઓને અભિનંદન પાઠવી આગામી કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું નીટની પરીક્ષામાં સુંદર પરિણામ

ગાંધીનગર, તા. ૧૭

ચાણક્ય કેળવણી ટ્રસ્ટ સંચાલિત વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થિઓએ ચાલુ વર્ષે લેવાયેલ નીટ-૨૦૨૦ ની પરીક્ષામાં ખુબ સરસ પરિણામ પ્રાપ્ત કર્યુ હતું. જેમાં શુભ પ્રશાંત મહેતા ૭૨૦માંથી ૬૯૦ માર્ક્સ સાથે સમગ્ર સ્કૂલમા પ્રથમ ક્રમાંકે આવ્યો હતો. આ ઉપરાંત શાળાના બીજા વિદ્યાર્થીઓ કૃપાલી પટેલ (૬૩૦/૭૨૦),ખુશ ઠેકાડી (૫૮૬/૭૨૦), રીયા પટેલ (૫૫૦/૭૨૦), યશ્વી લુહાર(૫૪૫/૭૨૦),ઓમ પટેલ (૫૪૨/૭૨૦) અને મિલનકુમાર ઓગંજા (૫૦૧/૭૨૦) માર્ક્સ સાથે ઉત્તિર્ણ થયા હતા. શાળાના આચાર્યે ઉત્તિર્ણ થનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા નવરાત્રિના પર્વ નિમિત્તે ઓનલાઈન ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

આરાધના વિદ્યા વિહાર વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા ચાલુ વર્ષે ઓનલાઈન ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રિની ઉજવણી કરવા સૌ કોઈ આતુર હોય છે પરંતુ કોરોનાના કપરા કાળ માં ચાલુ વર્ષે નવરાત્રિ પર્વ નું આયોજન શક્ય નથી ત્યારે



બાળકોનો ઉત્સાહ જળવાઈ રહે અને નવરાત્રિનું પર્વ સલામતીથી પોતાના ઘરેથી જ ઉજવી શકે તે હેતુસર ઓનલાઈન ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન ગરબા માં બાળકો એ વિવિધ પારંપરિક વેશ માં સજ્જ થઈને ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગૂજરાત વિદ્યાપીઠનો ૧૦૧મો સ્થાપના દિવસ

ગાંધીજીના પ્રપૌત્ર અને જાણીતા રાજનીતિજ્ઞ ગોપાલકૃષ્ણ ગાંધીનું અતિથિ વિશેષ રૂપે ઓનલાઈન વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા ૧૯૨૦માં સ્થાપિત રાષ્ટ્રીય સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠનું આ શતાબ્દી વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. સ્વરાજની સંપ્રાપ્તિ માટે યુવાનોનું ઘડતર કરવાની નેમ સાથે ૧૮ ઓક્ટોબરં, ૧૯૨૦માં સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠ આજે સો વર્ષ પૂરા કરી રહી છે. બાપુની વિચારધારાને વ્યક્ત કરતા અનેક કાર્યક્રમો સમગ્ર વર્ષ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં યોજાયા છે તથા પ્રતિ વર્ષ ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના દિને દેશ-વિદેશની જાણીતી હસ્તીઓ ઉપસ્થિત રહે છે. પરંતુ આ વર્ષે કોરોના મહામારીને ધ્યાને લઈ સામાજિક દૂરી જાળવીને શતાબ્દી વર્ષનો પૂર્ણાહુતિ સમારંભ કુલપતિ ઈલાબેન ભટ્ટની અધ્યક્ષતામાં યોજાશે. પૂર્ણાહુતિ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીજીના પ્રપૌત્ર અને જાણીતા રાજનીતિજ્ઞ ગોપાલકૃષ્ણ ગાંધી ઓનલાઈન સંબોધન કરશે.

ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૧માં સ્થાપના દિને શતાબ્દી વર્ષના પૂર્ણાહુતિ સમારંભને કુલનાયક અનામિક શાહ એતિહાસિક સ્થળ પ્રાણજીવન ભવનમાં ધ્વજવંદન સાથે પ્રારંભ કરશે. ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠના ૪૨ વિભાગોમાં સમાંતરે વૈવિધ્ય સભર કાર્યક્રમો પણ યોજાશે. જેમાં કુલપતિના ભાષણો,ગાંધીવિચાર, સર્વધર્મ સમભાવ, ટેક્નોલોજી અને ગ્રામીણ સમાજ, શાંતિ અને સંશોધન, ગુજરાતી કવિતામાં ગાંધીવિચાર, ગાંધીજીનો પરિવાર સાથેનો પત્ર વ્યવહાર, મહાત્મા ગાંધી અને ભાષાઓ તેમજ કૃપલાણીજી અને વિદ્યાપીઠ જેવા રસપ્રદ વિષયો પર તજજ્ઞીય વ્યાખ્યાનો યોજાશે. શિક્ષણ વિદ્યાશાખા દ્વારા નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે વિચાર વિમર્શ યોજાશે. મુખ્ય કાર્યાલય દ્વારા ગાંધીવિચારને પ્રતિબિંબિત કરતો ફિલ્મ શો પણ યોજાશે. એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની સખાવતથી નિર્મિત ઉર્જા પ્રકલ્પનું લોકાર્પણ કરવામાં આવશે.

પ્રકાશન વિભાગ દ્વારા શતાબ્દિ વર્ષની ઉજવણીરૂપે લખાયેલા આઠ પુસ્તકોનું વિમોચન થશે તથા ગૂજરાત વિદ્યાપીઠ ગ્રથાલય દ્વારા ગાંધીજીને કેન્દ્રમાં રાખીને લખાયેલા અને ગાંધીજીએ લખેલા અને ગાંધીજીએ વાંચેલા પુસ્તકોનું પ્રદર્શન પણ યોજાશે. દરેક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઓનલાઈન સંપર્ક કરીને જીવનમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા અંગે આદાન-પ્રદાન કરશે. તે પછી અતિથિ વિશેષ ગોપાલકૃષ્ણ ગાંધી સમગ્ર વિદ્યાપીઠ પરિવારને સંબોધન કરશે અને અંતમાં કુલપતિ ઈલાબેન ભટ્ટ અધ્યક્ષીય ઉદ્બોધન કરશે. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ યૂટ્યૂબ પરથી જોઈ શકાશે.

ડાયરેક્ટ ❤ સે

દુનિયામાં દરેક વ્યક્તિ પોતાની લાયકાત પ્રમાણે ચમકે છે, ઈચ્છા પ્રમાણે નહીં.

જન્મદિને વધામણી

વૈશાલીબેન જોષી

વિવાન સંકેતભાઈ ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬

પલ્લવી ભાવેશકુમાર સોલંકી
મો. ૯૪૨૯૨ ૮૨૦૧૮

શિવાની રાજેશકુમાર ઝાલા
મો. ૯૯૭૯૦ ૦૩૪૧૦

ભૂમિકા અનંત પટેલ